પ્રથમ પ્રેમ તૂટ્યો તો બીજો કરે છે,
ખરો છે, મુસીબતનો પીછો કરે છે.

ગમે ત્યારે ઘર એનું સળગી જવાનું,
એ પડદાની બાજુમાં દીવો કરે છે.

એ ચહેરાને મારી નજર સામે લાવો,
જે ચહેરો અરીસો અરીસો કરે છે.

પછી ચિત્ર મારું બને છે કવિતા,
એ આવીને નાનકડો લીટો કરે છે.

તરસથી મરણ વૃક્ષનું જ્યાં થયું'તું,
નગરપાલિકા ત્યાં બગીચો કરે છે.

તમે પૂછ્યો નહીં રસ્તો, તમે પૂછો તો હું કહુંને!
મને કંઠસ્થ છે નકશો, તમે પૂછો તો હું કહુંને.

તમારો મિત્ર આ પહેલાં રહી ચૂક્યો છે મારો મિત્ર,
એ રહેશે ક્યાં સુધી હખણો તમે પૂછો તો હું કહુંને.

કિનારા પર ઊભા રહીને બધા દરિયો જુએ છે પણ,
છે કોની આંખમાં દરિયો તમે પૂછો તો હું કહુંને.

ગયો'તો ઘેર હું એના, હું જેને કૃષ્ણ માનું છું,
પછી કેવો પડ્યો ધક્કો તમે પૂછો તો હું કહુંને.

તમારી એક મિલકત બહુ ગમે છે બહુ ગમે છે બસ,
તમારું ચિત્ત કે ચહેરો? તમે પૂછો તો હું કહુંને.

પડી'તી કેટલી તાળી તમે બસ આ જ જાણ્યું છે,
પડ્યો કેવી રીતે પડદો તમે પૂછો તો હું કહુંને.

સાવ સામે જ છું તો આવ હવે,
યાર થોડી તો હદ વટાવ હવે.

જો બચાવી શકે બચાવ હવે,
મેં ઉછેર્યો છે અણબનાવ હવે.

ચાલ હું આંસુઓ છુપાવું છું,
તુંય તારી ખુશી છુપાવ હવે.

બેઉ કાંઠા નદીમાં ડૂબે છે,
કોણ કોનો કરે બચાવ હવે.

ભીંતથી પોપડા ખર્યા છે ત્યાં,
એક ચહેરાનો છે પડાવ હવે.

એક બારીનો કાચ ફૂટ્યો છે,
છે કબૂતરની આવજાવ હવે.

ક્યાંક ખીંટી મળે તો ટાંગી દઉં,
ખૂબ પહેરી લીધો સ્વભાવ હવે.

યુવાનીના રમખાણ થાળે પડે છે,
પછી ચહેરો દર્પણની સામે પડે છે.

હવે રોજ રાતે છે ઊંઘી જવાયું,
હવે રોજ વરસાદ રાતે પડે છે.

તપાસો, એ ઘરમાં રહે છે હવે કોણ?
બધી વીજળી એના ધાબે પડે છે.

હતી જેમાં મૂર્તિ, એ હોડી જ ડૂબી,
ઘણી વાર ભગવાન ભારે પડે છે.

ચઢી એક પર્વત તમે ઝંપલાવો,
અમારે તો કૂવો જ પાસે પડે છે.

તમે ક્યાંક અમને નડી પણ શકો છો,
પગે લાગનારા જ માથે પડે છે.

અમારી ઉપર ક્યાંથી એની નજર હોય?
અમારી નજર પણ પરાણે પડે છે.

~ અગાશી ~

અજવાસ તારતાર ખબર પણ પડી નહીં,
થઈ રાત આરપાર ખબર પણ પડી નહીં.

રાત્રે સહાયભૂત થયો એ ચિરાગથી,
સળગી ગઈ સવાર ખબર પણ પડી નહીં.

પહેલેથી જાણ હોત તો ઉત્સવ બની જતો,
છેલ્લો હતો પ્રહાર ખબર પણ પડી નહીં.

મંદિરને જોઈ કેટલો બેધ્યાન થઈ ગયો?
ઈશ્વર થયા પસાર ખબર પણ પડી નહીં.

આપ્યું જો દર્દ જાણ થઈ રોમરોમને,
આપી જો સારવાર ખબર પણ પડી નહીં.

એ ટોચ પરથી ખીણમાં ક્યારેય ના પડ્યો,
મિત્રો હતા હજાર ખબર પણ પડી નહીં.

બહુ કાળજીથી ડાઘ હું સંતાડતો રહ્યો,
કરતો રહ્યો પ્રચાર ખબર પણ પડી નહીં.

થઈને પરાવલંબી રખડવું ગમી ગયું,
શું હોય રોજગાર ખબર પણ પડી નહીં.

~ અગાશી ~